# ઋષિ-કવિની વાણીનો નિર્બંધ પ્રવાહ | આરતી ત્રિવેદી

[**પ્રવચન શાંતિનિકેતન** : રવીન્દ્રનાથ ઠાકુર, અનુવાદક : નગીનદાસ પારેખ, ચયન : અનિલા દલાલ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. મે ૨૦૦૭, પૃ. ૨૦૪, કિં. રૂ. ૧૧૦/-]

'પ્રવચન શાંતિનિકેતન' એ ગુજરાતી સાહિત્ય પરિષદ શતાબ્દી ગ્રંથશ્રેણીનું ૨૨મું પુસ્તક છે. પુસ્તકના પૃષ્ઠ પર જણાવાયું છે તે મુજબ – 'પ્રવચન શાંતિનિકેતન' એટલે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરને જે છાતીમ(સપ્તપર્ણી)ની છાયામાં પરમ શાંતિનો એકાએક બોધ થયો હતો, તે છાતીમતલાના પરિસરમાં ૧૮૯૧માં બાંધેલ કાચના કમનીય ઉપાસના-મંદિરમાં અનેક બુધવારોની સવારે રવીન્દ્રનાથે આપેલાં પ્રવચનો અર્થાત્ કરેલાં ઉદ્બોધનો. રવીન્દ્રનાથે પોતે જ આ પ્રવચનો 'શાંતિનિકેતન' નામથી સંપાદિત કર્યાં હતાં, જેનો ગુજરાતી અનુવાદ શ્રી નગીનદાસ પારેખે ત્રણ ભાગમાં કર્યો છે અને શ્રી અનિલાબહેન દલાલે એ ગ્રંથોમાંથી ચયન કરીને આ સંચય તૈયાર કર્યો છે.

ઈ.સ. ૧૯૦૦થી શરૂ થતો પ્રથમ દાયકો રવીન્દ્રનાથ માટે અત્યંત દુઃખ ઉપજાવનારો હતો. તીવ્ર પીડા અને આઘાત આપનારી ઘટનાઓ આ દસકામાં એમનાં મન-હૃદયને ઘેરી વ્યથાથી ભરી દે છે. આર્થિક તંગીના આ સમયગાળામાં રવીન્દ્રનાથને પિતા-પત્ની-સંતાનોનાં મૃત્યુનો આઘાત જીરવવાનો આવે છે, ત્યારે તેઓ 'ઈશ્વરેચ્છા બલિયસિ' ગણી, ઘેરા દુઃખને હૃદયમાં સમાવી-શમાવીને શિક્ષણ-સાહિત્ય તથા દેશસેવાના કાર્યમાં મનને પરોવી દે છે. એ સમયે દેશમાં અંગ્રેજ શાસનના વિરોધનો સૂર બુલંદ બની રહ્યો છે, ત્યારે બંગભંગના આંદોલનના સાક્ષી બનેલા રવીન્દ્રનાથ દેશપ્રેમની રચનાઓ કરે છે – 'ગોરા' નવલકથા શરૂ કરે છે, 'ગીતાંજલિ'નાં ભાવભક્તિનાં ગીતો રચે છે અને પ્રત્યેક બુધવારે મંદિરમાં પ્રાર્થના-પ્રવચનો કરે છે, એ પ્રવચનો તે જ 'પ્રવચન શાંતિનિકેતન.' આ પ્રવચનો અગાઉથી વિચારીને વ્યવસ્થિત રીતે તૈયાર કરેલાં નથી, પણ પ્રાર્થના સમયે એમના હૃદયમાંથી સહજ રીતે સરી પડેલી વાણી છે, જે નિતાંત પ્રસન્નતાનો અનુભવ કરાવે છે.

આ પ્રવચન-લેખોમાંથી પસાર થતાં સાદ્યંત રસળતા ગદ્યનો આસ્વાદ મળે છે. અહીં વિવિધ વિષયો પર અપાયેલાં પ્રવચનો છે – તીર્થ, મૃત્યુ અને અમૃત, મુક્તિનો માર્ગ, જાગરણ, સત્યબોધ, અન્તરતર શાન્તિ, પ્રેમ, શક્તિ, અહમ્, આત્મસમર્પણ, પ્રાર્થના, અભ્યાસ, પ્રકૃતિ, સત્ય થવું, સૃષ્ટિનો અધિકાર, રાત્રિ, પ્રભાત, દીક્ષા.... એમ તાજગીભર્યા વિષયો પરનાં આ પ્રવચનો શુષ્ક તત્ત્વજ્ઞાનને બદલે નર્યા આનંદાનુભવથી વાચકોને સંતૃપ્ત કરે છે. સરળ સહજ શૈલીમાં પ્રગટ થતો પ્રવચનકારનો પ્રકૃતિરાગ અહીં અવશ્ય ધ્યાન ખેંચે છે. રાત્રિ, પ્રભાત, વર્ષા, સંધ્યા, નદી જેવાં પ્રકૃતિતત્ત્વો પરનાં પ્રવચનોમાં પ્રાકૃતિક તત્ત્વ વિશેના વિચારોની સાથે વણાયેલી દાર્શનિક વિચારધારા આ પ્રવચનોને સાચા અર્થમાં ઋષિવાણી બનાવી દે છે, જેમ કે – 'જેમ આપણા પ્રાણને રોજ રાત્રે પ્રકૃતિના હાથમાં સોંપી દઈ આપણે સવારમાં નવી પ્રાણ-પ્રવૃત્તિ માટે નવેસર તૈયાર થઈ જઈએ છીએ – તે જ પ્રમાણે દિવસમાં ઓછામાં ઓછું એક વાર આપણા આત્માને પરમાત્માના હાથમાં સંપૂર્ણપણે સોંપી દેવાની જરૂર છે; ('રાત્રિ') 'આત્મા આ ચિર પ્રવાહિત નદી જેવો છે. એની ઉત્પત્તિનું શિખર અનાદિ છે, તેનું સંચારક્ષેત્ર અનંત છે.' ('નદી અને કાંઠો'); આકાશનો અંધકાર જેમ તદ્દન કાલ્પનિક પદાર્થની પેઠે જોતજોતામાં ઊડી ગયો, તેમ જ આપણી અંતરપ્રકૃતિની આસપાસથી બધા મિથ્યા સંસ્કારો ક્ષણમાં ભૂંસાઈ જાઓ.' ('પ્રભાતે') વગેરે. વળી 'વૈશાખી વાવાઝોડાની સાંજ'માં આવતું વર્ષાનું વર્ણન અત્યંત આસ્વાદ્ય બન્યું છે – 'આપણા આશ્રમની શાલતરુની શ્રેણીમાં અને તાલવનની ટોચ ઉપર એક પ્રકારનો કોલાહલ જાગી ઊઠ્યો; ત્યાર પછી જોતજોતામાં આંબાવાડિયાની બધી ડાળીએ ડાળીએ આંદોલન શરૂ થઈ ગયું, પાંદડે પાંદડે તોફાનમસ્તીના કલમર્મરથી આકાશ ભરાઈ ગયું – ધોધમાર વરસાદ તૂટી પડ્યો.'

વિવિધ પ્રવચનોમાં રજૂ થયેલાં વિચારબીજો મમળાવવાં ગમે એવાં, પ્રેરક અને ચિરકાલીન મૂલ્યોવાળાં છે. જગતમાં પરસ્પરવિરોધી શક્તિઓની લીલા સતત ચાલી રહી છે, જે શિવ અને સુંદરનું નિર્માણ કરે છે એવી એમની આસ્થા આ વિશ્વને શ્રદ્ધેય ગણવા માટે પ્રેરણા પૂરી પાડે છે. કોઈ પણ બાબતનો યોગ્ય સમયે ગૌરવપૂર્ણ અંત લાવવા માટેની સમજણ હોવી અનિવાર્ય છે તથા સત્યની પ્રાપ્તિ માટે સાધનાના માર્ગની શોધનું સૂચન ચિરકાળ સુધી આવકાર્ય બની રહે એવું છે. મનુષ્યનાં મન-હૃદયમાં ચૈતન્યની જાગૃતિ દ્વારા અહમ્ ઓગાળવાની ભાર વિનાની બોધવાણી અહીં સંભળાય છે. 'લલિત નિબંધની સર્જકતાએ પહોંચતાં' આ પ્રવચનોમાં વાણીનો – ભાષાનો રસળતો પ્રવાહ આસ્વાદ્ય બની રહે છે. અલબત્ત, આ લસરતા, રસાળ ગદ્યમાં 'સત્યશાળી', 'ઐશ્વર્યશાળી' જેવા શબ્દો અનુવાદ માટે ઉપજાવેલા હોય એમ કંઈક ખટકે છે. છતાં અહીં ઋષિ-કવિની વાણીનો પ્રવાહ નિર્બંધ બનીને વિવિધ વિષયોમાં વહે છે, જેને શ્રોતા-ભાવકો પ્રસન્નભાવે ઝીલે છે.